રે.દિ.મુ.નં.૪૭/૨૦૨૫

**આંક–૫ લગત હુકમ**

**૧.** વાદીની આંક–૫ની મનાઇઅરજી તથા પ્રતિવાદી નં.૨ તરફે આંક–૨૩ થી તથા પ્રતિવાદી નં.૩ તરફે આંક–૨૪ થી રજુ થયેલ વાદીની આંક–૫ ની મનાઇ અરજીનો જવાબ વંચાણે લીધા. બંને પક્ષકારો દ્વારા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લીધા. પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. બંને પક્ષકારોની દલીલો સાંભળી.

**૨.** વાદીની આંક–૫ની અરજીની ટુંકમાં હકીકત વાદીએ પોતાની હાલની અરજીમાં જણાવ્યા મુજબની છે. સદર અરજીમાં વાદીની રજુઆત છે કે સદર કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ છે. દાવાવાળી મિલકત પચાવી પાડવામાં જો પ્રતિવાદીઓ સફળ થશે તો વાદીને આર્થિક નુકસાન પારાવાર રીતે ભોગવવો પડશે. સદર કામે વાદીને નાણામાં પુરૂ ન કરી શકાય તેવું નુકસાન થાય તેમ છે. જ્યારે પ્રતિવાદીઓને કોઇ નુકસાન નથી. વાદીને અગવડતાનો સામનો કરવો પડશે. આમ, હાલની અરજી કરીને વાદીએ દાદ ધ્યાને લેવામાં આવે તો... The Plaintiff submit that the Plaintiffs have a strong prima facie case and the balance of convenience is also in favour of the Plaintiffs. The Plaintiffs submit that the Plaintiffs have a very good chance of succeeding in the present Suit. The Plaintiffs submit that pending the hearing and final disposal of the present Suit, the Defendants be restrained/injuncted from transferring, selling, alienating, letting, sub-letting or creating third party rights in any manner in respect of the Suit land. The Plaintiff submit that in the absence of such temporary injunction granted in favour of the Plaintiffs, the Plaintiffs shall suffer irreparable loss which cannot be compensated in terms of the money.

The Plaintiffs further submit that the Defendant No.3- ICICI Bank also has a charge on the property and the Plaintiffs seriously apprehend that the Defendant No.3 ICICI Bank will proceed against the Suit land in terms of the provision of Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2000-SURFAESI

In view of the aforesaid, the Plaintiffs therefore pray that this Hon'ble Court pleased to :

A. Pending the hearing and final disposal of the present Suit, temporarily Injunct the Defendant No.2 And 3 from further transferring, selling, alienating, letting, sub letting or creating third party rights in any manner in respect of the Suit land i.e. Survey No.649 admeasuring 1,49,500 Sq. mtrs. Situate at. Village : Loriya, Taluka : Bhuj, Distict : Kutch

B. Provide for costs of the present Application.

વાદી તરફે મનાઇઅરજીના સમર્થનમાં નિ.૩/૧ થી નિ.૩/૨૭ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**૩.** પ્રતિવાદીને દાવાઅરજી તથા મનાઈઅરજીના સમન્સ ધોરણસર બજી જતા, પ્રતિવાદી નં.૨ તરફે આંક–૨૩ થી વાદીની દાવાઅરજી તથા મનાઈઅરજી વિરુધ્ધ પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે. સદર રજુ થયેલ લેખિત જવાબ ની ટુંકમાં હકીકત જોવામાં આવે તો મુખ્યત્વે પ્રતિવાદીએ વાદીની મનાઈઅરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. સદર કામે પ્રતિવાદી નં.૨ પોતે સદર મિલકત ખરીદનાર છે કેમ કે જમીન ખરીદતા પહેલા તા.૨૪–૧૨–૨૦૨૧ ના રોજ કચ્છમિત્ર દૈનિકમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ, જેના અનુસંધાને વાદી કે અન્ય કોઈ દ્વારા વાંધો નોંધાવેલ નથી. સદર કામે રજુ થયેલ નોંધ નં.૨૭૪૪ ને જે તે સમય પડકારેલ નથી. જે તે સમયે લખાણો થયેલ ત્યારે વાદી ચુપ રહેલ છે. પ્રતિવાદી નં.૨ પ્રમાણિકતા પુર્વક ખરીદનાર છે. પ્રતિવાદી નં.૨ નાઓએ અવેજની પુરતી રકમ ચુકવી મિલકત ખરીદેલ છે. પ્રતિવાદી નં.૨ નાઓના નામે નોંધ પ્રમાણિત થયેલ છે. વાદી લાંબા સમય સુધી ચુપ રહેલ છે અને હાલ દાનત બગડતા દાવો કરેલ છે. વાદીને હાલનો દાવો કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. વાદીનો પ્રાઈમાફેસી કેસ નથી. હાલના કામે વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને કોઈ નુકસાન થાય તેમ નથી. અને જો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને પોતે કાયદેસર અવેજ ચુકવીને ખરીદેલ મિલકતનો ઉપયોગ કરી શકે નહી જેથી પ્રતિવાદી નં.૨ નાઓને નાણામાં ના આંકી શકાય તેવું નુકસાન થાય તેમ છે. આમ, સગવડતા અગવડતાનું પલડુ વાદી કરતા પ્રતિવાદીની તરફેણમાં વધુ છે. આથી હાલની કામચલાઉ મનાઈ અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

સદર કામે પ્રતિવાદી નં.૩ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક તરફે આંક–૨૪ થી લેખિત જવાબ રજુ થયેલ છે. જેમાં મુખ્યત્વે વાદીની હાલની અરજીની હકીકતોનો ઈન્કાર કરતી હકીકતો જણાવેલ છે. વધુમાં જણાવેલ છે. It is submitted that under the provisional of section 34 of SARFAESI Act no civil court shall have jurisdiction to entertain any suit or proceeding in respect of any matter which a Debt Recovery Tribunal or the Appellate Tribunal is empowered by or under this Act to determine and no injunction shall be granted by any court or other authority in respect of any action taken or to be taken in pursuance of any power conferred by or this Act or under the Recovery of Debts Due to Banks and Financial Institutions Act, 1993. The Plaintiff have no Clear title or possession to the property. Relief of injunction against the secured creditor in absence of proof ownership or possession is impermissible under settled law. Reliance is placed on the doctrine of nemo dat quod non habet- a borrower cannot transfer better title that he holds, and ICICI Bank's rights are protected as a secured creditor under law.

It is admitted that charge entries were registered by ICICI Bank vide ME 5735 dated 15-02-2025 on the strength of valid mortgage created by Defendant No.2. The charge are registered under applicable provision of the Gujarat Land Revenue Code and SARFAESI Act. There is no illegality in registering such charge.

Defendant No.3 Bank had sanctioned Kishan Credit Card, Credit facility of Rs. 65,00,000 vide KCC Loan facility No.348751000056 to Defendant No.2, Rajesh Lakhmanbhai Chad.

It submitted that Defendant Bank has not initiated any recovery or enforcement proceedings under the SARFAESI Act as of now. However, ICICI Bank reserves its right to do so in accordance with law in case of any default by Defendant No.2.

The Suit is also misconceived and illegal and, hence not maintainable on other grounds also.

No prima facie case is made out against defendant No.3. The Plaintiffs have failed to demonstrate any fraud or collusion on the part of ICICI Bank Ltd. The balance of convenience does not favour grant of any relief against Defendant No.3, a third party financial institution. The balance of convenience is certainly in favour of the defendants as if the injunction is granted, then the heavy loss and injury is to be sustained by the defendants and not by the plaintiffs.

Under the above circumstances the Plaintiffs are not entitled either for declaration or an injunction or the ad-interim injunction or any other relief as prayed for or otherwise and, hence the suit and the application must be dismissed with cost, in the interest of justice, for which act of kindness, the defendants Bank shall ever remain grateful.

**૪.** સદર કામે વાદી તથા પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ મૌખિક દલીલો ધ્યાને લેવામાં આવેલ છે. સદર કામે વાદી તરફે પોતાની હાલની અરજીની હકીકતોને સમર્થનકારક દલીલો કરવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદી તરફે તેમના લેખિત જવાબની હકીકતોને સમર્થનકારક દલીલો કરવામાં આવેલ છે. સદર કામે વાદી તરફે રજુ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર હાઇકોર્ટોના તમામ ચુકાદાઓ માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

**૫.** આ કામે વાદીની આંક–૦૫ વાળી મનાઇઅરજી**,** પ્રતિવાદી દ્વારા આંક–૨૩ તથા આંક–૨૪ થી રજુ થયેલ લેખિત જવાબની હકીકતો તથા બંન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલ ધ્યાને લેતા આ અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચેના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

**મુદ્ધા**

૧. શું વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે ?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

૩. શું વાદીને માંગ્યા મુજબ મનાઇ નહી આપવામાં આવે તો તેને નાણાથી ભરપાઇ નાથઇ શકે તેવુ  નુકસાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

**૬.** ઉપરોક્ત મુદ્ધાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**નિર્ણયો**

૧. નકારમાં
૨. નકારમાં
૩. નકારમાં
૪. છેવટના હુકમ મુજબ

**કારણો**

**૭.** મુદ્દા નં.૧:૨:૩:– સિવિલ પ્રોસીઝર કોડના આદેશ ૩૯ નિયમ ૧–૨ મુજબ કામચલાઉ મનાઇહુકમ માટેની અરજીના નિકાલ માટે પ્રથમદર્શનીય કેસની ચર્ચા કરવાની હોય ત્યારે કોર્ટે બંન્ને પક્ષે રજુ થયેલ દસ્તાવેજ ઉપરથી દાવાનો કોઇ તકરારી મુદ્દો સમાયેલો છે કે કેમ ? તે નક્કી કરવાનું હોય છે તથા કયો પક્ષ તે મુદ્દો પોતાની તરફેણમાં છે તેમ પ્રથમદર્શનીય રીતે દર્શાવે છે કે કેમ ? તે નક્કી કરવાનું હોય છે. હાલના તબક્કે કાયદા તેમજ હકીકત આધારીત પ્રશ્નોનો આખરી નિકાલ કરવાનો નથી. પરંતુ જે ચર્ચા કરવામાં આવે તે ફક્ત પ્રથમ દ્રષ્ટિય કેસ પુરતી જ મર્યાદીત છે. આ ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય આ ત્રણે મુદ્દાઓ એકબીજા સાથે સંલગ્ન હોવાથી ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર આ ત્રણે મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

**૮.** આ કામે વાદીની મનાઇઅરજીની હકીકતો ઉપરોક્ત રજુ કરેલ છે તેથી તેનું પુનરાવર્તન ટાળવા અત્રે ફરીથી તેની લંબાણપુર્વકની ચર્ચા કરવામાં આવેલ નથી. પરંતુ હાલની અરજી કરીને વાદીએ આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત અન્ય કોઇને વેચસાટ કરે કરાવે નહી તથા ભાર બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓની વિરુધ્ધ દરમ્યાન મનાઇ હુકમ ફરમાવવાની દાદ માંગેલ છે.

**૯.** હવે સદર વચગાળાનો મનાઇ હુકમ, તેનો પ્રતિવાદીએ આપેલ જવાબ અને તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવા ધ્યાને લઇ વચગાળાના મનાઇ હુકમ અંગેના કાનુની પાસાઓની જોવામાં આવે તો સદર વચગાળાના હુકમ મેળવવા માટેની અરજીમાં માત્ર ત્રણ જ મુદ્દા જોવાના હોય છે. **૧.** વાદીનો કેસ પ્રથદર્શનીય છે કે કેમ.? **૨.** સગવગ અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે કે કેમ ? અને **3.** વાદીનો સદર વચગાળાનો હુકમ મંજુર કરવામાં ના આવે તો વાદીને નાણાથી ભરપાઇ ના થઇ શકે તેવું નુકસાન થાય છે કે કેમ ? વાદીએ આ સાથે તેની મનાઇ અરજી ના સમર્થનમાં નિ.૩/૧ થી ૩/૨૭ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં નિ.૩/૧ થી ગામ લોરીયા, તાલુકા ભુજના સર્વે નં.૬૪૯, ૧,૪૯,૫૦૦ ચો.મી. નોંધ નં.૩૩૧ રજુ થયેલ છે. જેમાં સદર દાવાવાળી જમીન સર્વે નં.૬૪૯ વાળી જમીન રેવન્યુ રેકર્ડમાં તા.૧૧–૦૪–૧૯૭૬ થી હુન્દલદાસ લીલારામનાઓનું નામ હોવાનું જણાય આવે છે. સદર કામે નિ.૩/૨ થી જુના સર્વે નં.૬૯૪–૨ જેના નવા સર્વે નં.૧૨૯ પૈકી ની ગામ ગલપાદર, તા.ગાંધીધામ વાળી જમીનની નોંધ નં.૨૨૪ તથા ૨૨૫ રજુ થયેલ છે જેમાં સદર જમીનના રેવન્યુ રેકર્ડમાં હુન્દલદાસ લીલારામ તોલાણીનાઓનું તા.૨૬–૧૨–૧૯૭૮ ના રોજ મરણ થતાં તેમના વારસદારોના નામ જેમાં હાલના કામના વાદીઓના પિતાનું નામ પણ દાખલ થયેલ હોવા અંગેની નોંધ હોવાનું જણાય આવે છે. સદર કામે નિ.૩/૩ થી પ્રતિવાદી નં.૧ નાઓએ મામલતદાર સાહેબશ્રી સમક્ષ કરેલ અરજીની નકલ રજુ થયેલ છે. નિ.૩/૪ થી પ્રતિવાદી નં.૧ નાઓની એફીડેવિટ રજુ થયેલ છે. જેમાં હુન્દલદાસ લીલારામ તોલાણીનાઓનું અવસાન થતાં તેમના સીધીલીટીના વારસદારો કુલ–૦૬ વારસદારો જેમાં ૧. રાજકુમારી હુન્દલદાસ, ૨. નારાયણ હુન્દલદાસ, ૩. મીના હુન્દલદાસ, ૪. વિષ્ણુ હુન્દલદાસ, ૫. શંકર હુન્દલદાસ અને ૬. રૂપા હુન્દલદાસનાઓના નામ હોવાનું જણાવેલ છે. સદર કામે નિ.૩/૫ થી નોંધ નં.૨૧૦૫ તા.૧૦–૦૫–૨૦૦૮ રજુ થયેલ છે જેમાં હાલની દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં કુન્દનલાલ લીલારામ તોલાણી તા.૨૬–૧૨–૧૯૭૮ ના રોજ મરણ જતા તેમના વારસદારો કુલ ૦૬ જેમાં જેમાં ૧. રાજકુમારી હુન્દલદાસ, ૨. નારાયણ હુન્દલદાસ, ૩. મીના

હુન્દલદાસ, ૪. વિષ્ણુ હુન્દલદાસ, ૫. શંકર હુન્દલદાસ અને ૬. રૂપા હુન્દલદાસનાઓના નામ દાખલ થયેલ હોવાનું જણાય આવે છે. સદર કામે નિ.૩/૬ થી ઇધારા મામલતદાર,ભુજ નાઓને કરેલ અરજી જણાય આવે છે જેમાં પણ હુન્દલદાસ લીલારામ તોલાણીનાઓનું અવસાન થતાં તેમના સીધીલીટીના વારસદારોની વારસાઈ નોંધ કરવા જણાવેલ છે. નિ.૩/ ૭ થી વારસદારોનો જવાબ રજુ થયેલ છે તેમાં હુન્દલદાસ લીલારામ તોલાણીના વારસદારો હોવાનું જણાવેલ છે. નિ.૩/૮ થી પ્રતિવાદી નં.૧ રૂપા હુન્દાલદાસ નું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં હુન્દલદાસ લીલારામ તોલાણીનું તા.૨૬-૧૨-૧૯૭૮ ના રોજ અવસાન થતાં તેમના સીધીલીટીના વારસદારોના નામ કુલ ૭ જેમાં ૧. રાજકુમારી હુન્દલદાસ, ૨. નારાયણ હુન્દલદાસ, ૩. મીના હુન્દલદાસ, ૪. ૪. શંકર હુન્દલદાસ,૫. રૂપા હુન્દલદાસ, ૬. દિનેશ લાલચંદ હિન્દુજા અને ૭. દિનેશ લાલવાનીનાઓના નામ જણાવેલ છે. નિ.૩/૯ થી પંચક્યાસ રજુ થયેલ છે જેમાં પણ હુન્દલદાસ લીલારામનાઓના વારસદારો ૧. રાજકુમારી હુન્દલદાસ, ૨. નારાયણ હુન્દલદાસ, ૩. મીના હુન્દલદાસ, ૪. ૪. શંકર હુન્દલદાસ,૫. રૂપા હુન્દલદાસ, ૬. દિનેશ લાલચંદ હિન્દુજા અને ૭. દિનેશ લાલવાનીનાઓના નામ જણાવેલ છે. નિ.૩/૧૦ થી નોંધ નં.૨૭૭૪ તા.૦૭-૦૬-૨૦૧૦ રજુ થયેલ છે જેમાં ૧. રાજકુમારી હુન્દલદાસ, ૨.નારાયણ હુન્દલદાસ, ૩. મીના હુન્દલદાસ, ૪. શંકર હુન્દાલદાસ,૫. રૂપા હુન્દાલદાસના નામ દાખલ થયેલ છે. નિ. ૩/૧૧ થી હક્ક જતો કર્યા અંગેનું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં નારાયણ હુન્દલદાસે પ્રતિવાદી નં.૧ રૂપા હુન્દાલદાસની તરફેણમાં દાવાવાળી જમીનમાંથી પોતાનો હક્ક જતો કરેલ હોવાનું જણાય આવે છે. નિ. ૩/૧૨ થી હક્ક જતો કર્યા અંગેનું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં રાજકુમારી હુન્દલદાસ અને શંકરદાસનાઓએ પ્રતિવાદી નં.૧ રૂપા હુન્દાલદાસની તરફેણમાં દાવાવાળી જમીનમાંથી પોતાનો હક્ક જતો કરેલ હોવાનું જણાય આવે છે. નિ. ૩/૧૩ થી હક્ક જતો કર્યા અંગેનું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં મીના હુન્દલદાસે પ્રતિવાદી નં.૧ રૂપા હુન્દાલદાસની તરફેણમાં દાવાવાળી જમીનમાંથી પોતાનો હક્ક જતો કરેલ હોવાનું જણાય આવે છે. નિ.૩ /૧૪ થી હક્કપત્રક નોંધ દાખલ કરવા અંગેની મામલતદાર ઇધરાને કરેલ અરજી રજુ થયેલ છે જેમાં ૧. રાજુકુમારી હુન્દલદાસ, ૨. શંકર હુન્દલદાસ, ૩. નારાયણ હુન્દલદાસ અને ૪. મીના હુન્દાલ દાસનાઓએ દાવાવાળી જમીનમાંથી હક્ક જતો કરેલ હોય તેઓના નામ કમી કરવા અંગેની રૂપા હુન્દાલદાસનાઓએ અરજી હોવાનું જણાય આવે છે. નિ.૩/૧૫ થી નોંધ નં.૨૯૦૨ તા.૩૦-૦૩-૨૦૧૧ રજુ થયેલ છે જેમાં ૧. રાજુકુમારી હુન્દલદાસ, ૨. શંકર હુન્દલદાસ, ૩. નારાયણ હુન્દલદાસ અને ૪. મીના હુન્દાલ દાસનાઓએ દાવાવાળી જમીનમાંથી હક્ક જતો કરેલ હોય તેઓના નામ કમી કરવા થયેલ હોવા અંગેની નોંધ હોવાનું જણાય આવે છે. નિ.૩/૧૬ થી સદર દાવાવાળી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવાયેલ હોવા અંગેની ખરી નકલ હોવાનું જણાય આવે છે. નિ.૩/૧૭ થી નોંધ નં.૩૩૯૪ તા.૧૪-૦૭-૨૦૧૩ રજુ થયેલ છે જેમાં સદર દાવાવાળી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવાયેલ હોવા અંગેની નોંધ હોવાનું જણાય આવે છે. નિ. ૩/૧૮ થી સદર દાવાવાળી જમીન હાલના કામના પ્રતિવાદી નં.૧ રૂપા હુન્દલદાસ તોલાણીનાઓને રાજેશ લક્ષ્મણભાઇ ચાડનાઓને રૂ.૧૯,૪૫,૦૦૦ માં વેચાણ આપેલ હોય તે અંગેના રજીસ્ટર્ડ દસ્તાવેજ હોવાનું જણાય આવે છે. નિ.૩ ૧૯ થી નોંધ નં.૫૨૦૫ તા.૨૧-૦૧-૨૦૨૨ રજુ થયેલ છે જેમાં સદર દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ રૂપા હુન્દલદાસ તોલાણીનાઓએ ખરીદનાર રાજેશ લખમણભાઇ ચાડનાઓને રજી.દસ્તાવેજી વેચાણ આપેલ હોવા અંગેની નોંધ હોવાનું જણાય આવે છે. નિ.૩/૨૦ થી નોંધ નં.૫૨૬૨ તા.૨૮-૦૩-૨૦૨૨ રજુ થયેલ છે જેમાં સદર દાવાવાળી જમીન ઉપર સદર જમીન ખરીદનાર રાજેશ લખમણભાઇ ચાડનાઓએ રૂ.૩૫,૦૦,૦૦૦/- નું આઇ.સી.આઇ.સી.આઇ. બેંકનું ધિરાણ મેળવેલ હોવા અંગેની નોંધ હોવાનું જણાય આવે છે. નિ.૩/૨૧ થી નોંધ નં.૫૭૩૫ તા.૧૫-૦૨-૨૦૨૪ રજુ

થયેલ છે જેમાં સદર દાવાવાળી જમીન ઉપર સદર જમીન ખરીદનાર રાજેશ લખમણભાઇ ચાડનાઓએ રૂ.૬૫,૦૦,૦૦૦/- નું આઇ.સી.આઇ.સી.આઇ. બેંકનું ધિરાણ મેળવેલ હોવા અંગેની નોંધ હોવાનું જણાય આવે છે. નિ.૩/૨૨ થી મે.મદદનીશ કલેક્ટરશ્રી, ભુજનાઓ સમક્ષ હાલના કામના વાદીઓએ કરેલ અપીલ નં.૩૦૦/૨૦૨૩ અને ૩/૨૩ મુદત દોષ માફ કરવા અંગેની અરજી રજુ થયેલ છે. નિ.૩/૨૪ થી અપીલ નં.૩૦૦ /૨૩ ના કામે નાયબ કલેક્ટરશ્રી ભુજનાઓએ કરેલ હુકમ રજુ થયેલ છે જેમાં નાયબ કલેક્ટરશ્રી, ભુજનાઓએ તા.૧૮-૧૧-૨૦૨૪ ના રોજ હાલના કામના વાદીઓએ કરેલ અપીલ નં.૩૦૦ /૨૦૨૩ વાળી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવેલ છે. સદર કામે નિ.૩/૨૫ થી હાલના કામના વાદીઓએ નાયબ કલેક્ટરશ્રી ભુજનાઓ સમક્ષ કરેલ રીવીઝન અરજી રજુ થયેલ છે. નિ.૩/૨૬ થી હાલના કામના વાદીઓએ પ્રતિવાદી નં.૧ રૂપા હુન્દલદાસ તોલાણીનાઓને પોતાના એડવોકેટશ્રી મારફતે પાઠવેલ નોટીસ રજુ થયેલ છે. નિ.૩/૨૭ થી સદર પ્રતિવાદી નં.૧ ને પાઠવેલ નોટીસ ની રજી.એ.ડી. ની પહોંચ રજુ થયેલ છે.

આમ, સદર કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેવામાં આવે તો સદર દાવાવાળી ગામ લોરીયા, તા.ભુજના સર્વે નં.૬૪૯ વાળી જમીનના તમામ રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૩૩૧ થી તા.૧૧-૦૪-૧૯૭૬ ના રીપોર્ટ મુજબ હુન્દલદાસ લીલારામ તોલાણીનાઓનું નામ દાખલ થયેલ થયેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે. ત્યારબાદ હુન્દલદાસ લીલારામ તોલાણીનાઓ તા.૨૬-૧૨-૧૯૭૮ ના રોજ ગુજરી જતા તેમના સીધીલીટીના વારસદારો ૧. રાજકુમારી હુન્દલદાસ, ૨.નારાયણ હુન્દલદાસ, ૩. મીના હુન્દલદાસ, ૪. વિષ્ણુ હુન્દલદાસ, ૫. શંકર હુન્દાલદાસ,૫. રૂપા હુન્દાલદાસના નામ નોંધ નં.૨૧૦૫ તા.૧૦-૦૫-૨૦૦૮ થી દાખલ થયેલ છે. ત્યારબાદ સદર કામે નિ.૩/૧૦ થી રજુ થયેલ નોંધ નં.૨૭૪૪, તા.૦૭-૦૬-૨૦૧૦ ધ્યાને લેવામાં આવે તો હાલના વિષ્ણુ હુન્દલદાસનાઓનું નામ રેવન્યુ રેકર્ડમાંથી નીકળી ગયેલ હોવાનું જણાય આવે છે. સદર કામે રેવન્યુ રેકર્ડમાંથી વિષ્ણુ હુન્દલદાસનાઓનું નામ તથ હાલના કામના વાદીઓનું નામ કઇ રીતે અને ક્યા સંજોગોમાં નીકળી ગયેલ તે હકીકત રેકર્ડ ઉપર લાવવા સારૂ ઉંડાણપુર્વકનો પુરાવો લેવો અનિવાર્ય હોવાનું જણાય આવે છે. સદર કામે દાવાવાળી જમીનમાંથી ૧. રાજુકુમારી હુન્દલદાસ, ૨. શંકર હુન્દલદાસ, ૩. નારાયણ હુન્દલદાસ અને ૪. મીના હુન્દાલ દાસનાઓએ પોતાનો હક્ક પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં જતો કરેલ હોવાનું જણાય આવે છે. ત્યારબાદ સદર દાવાવાળી જમીનાં હાલના કામના પ્રતિવાદી નં.૧ રૂપા હુન્દલદાસનાઓનું નામ દાખલ થયેલ હોવાનું જણાય આવે છે. સદર દાવાવાળી જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવાયેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે. સદર કામે ત્યારબાદ સદર દાવાવાળી જમીન હાલના કામના પ્રતિવાદી નં.૧ રૂપા હુન્દલદાસ તોલાણીનાઓને રાજેશ લક્ષ્મણભાઇ ચાડનાઓને રૂ.૧૯,૪૫,૦૦૦/- માં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ હોવાનું જણાય આવે છે. સદર જમીન રાજેશભાઇ લખમણભાઇ ચાડનાઓએ હાલના કામના પ્રતિવાદી નં.૧. રૂપા હુન્દલદાસનાઓ પાસેથી ખરીદ કર્યા બાદ સદર દાવાવાળી જમીન ઉપર સદર જમીન ખરીદનાર રાજેશ લખમણભાઇ ચાડનાઓએ રૂ.૩૫,૦૦,૦૦૦/- તથા રૂ.૬૫,૦૦,૦૦૦/- આ એમ કુલ રૂ.૧,૦૦,૦૦૦,૦૦/- નું આઇ.સી.આઇ.સી.આઇ. બેંકનું ધિરાણ મેળવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજો ઉપરથી જણાય આવે છે. સદર કામે હાલના વાદીઓએ મે.મદદનીશ કલેક્ટરશ્રી, ભુજનાઓ સમક્ષ અપીલ નં.૩૦૦/૨૦૨૩ કરેલ જેમાં નાયબ કલેક્ટરશ્રી ભુજનાઓએ તા.૧૮-૧૧-૨૦૨૪ ના રોજ હાલના કામના વાદીઓએ કરેલ અપીલ નં.૩૦૦ /૨૦૨૩ વાળી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવેલ છે. સદર કામે હાલના કામના વાદીઓએ નાયબ કલેક્ટરશ્રી ભુજનાઓ સમક્ષ કરેલ રીવીઝન અરજી કરેલ હોવાનું જણાય આવે છે.

આમ, સદર કામે રજુ થયેલ સમગ્ર દસ્તાવેજો ધ્યાને લેવામાં આવે તો વાદીઓ હુન્દલદાસ લીલારામ તોલાણીનાઓના સીધીલીટીના વારસદારો હોવા અંગે કોઇ દસ્તાવેજ રજુ કરવામાં આવેલ નહી હોવાનું જણાય આવે છે. સદર કામે વાદીઓ હુન્દલદાસ લીલારામ તોલાણીનાઓના કાયદેસરના સીધી લીટીના વારસદારો છે કે કેમ તેવી હકીકત હાલના તબક્કે નક્કી કરી શકાય તેમ નથી તે અંગે ન્યાયનિર્ણય કરવા સારૂ ઉંડાણપુર્વકનો પુરાવો લેવો અનિવાર્ય હોવાનું જણાય આવે છે. સદર કામે દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી નં.૧ રૂપા હુન્દલદાસ તોલાણીનાઓનું નામ એકમાત્ર અને સ્વતંત્ર માલીક તરીકે રેકર્ડ ઉપર હોય તેઓએ સદર દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૨ નાઓને રજીસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણ આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને પ્રતિવાદી નં.૨ નાઓનું નામ સ્વતંત્ર રીતે સદર દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હોવાનું જણાય આવે છે. સદર દાવાવાળી જમીન ખરીદ કર્યા બાદ હાલના કામના પ્રતિવાદી નં.૨ નાઓએ આઇ.સી.આઇ.સી.આઇ. બેંક નું રૂ.૧,૦૦,૦૦૦,૦૦/- નું ધિરાણ મેળવેલ હોવાનું જણાય આવે છે. સદર કામે પ્રતિવાદી નં.૩ નાઓ સદર દાવાવાળી જમીનના શુધ્ધબુધ્ધીથી ખરીદનાર હોવા અંગેનો નિર્ણય હાલના તબક્કે ઉંડાણપુર્વકના પુરાવા લીધા સિવાય થઇ શકે તેમ નથી. સદર કામે વાદી તરફે ગુજરનાર હુન્દલદાસ લીલારામ તોલાણીનાઓનું કોઇ પેઢીનામું રજુ કરવામાં આવેલ નથી. સદર કામે વાદીના માતા-પિતા હાલ હયાત છે કે કેમ તેવી કોઇ હકીકત વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી.

સદર સંજોગોમાં વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં ના આવે તો વાદીને નાણામાં આંકી ના શકાય તેવુ નુકસાન થાય તેમ હોવાનું જણાય આવતુ નથી. પરંતુ જો વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નં.૨ સદર જમીન ખરીદનાર તથા પ્રતિવાદી નં.૩ આઇ.સી.આઇ.સી.આઇ. બેંક નાઓને નાણામાં આંકી શકાય નહી તેવું નુકસાન થાય તેમ સ્પષ્ટ રીતે જણાય આવે છે. આથી સદર તમામ હકીકતો ધ્યાને લેતા હાલના કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય આવતુ નથી. આ ઉપરાત વિવિધ ચુકાદાઓ જોઇએ તો, **૧. અદાણી એક્સપોર્ટ વિ હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમિકલ ૨૦૦૦.૦ જી.એલ.એચ.ઇ.એલ. ૨૦૦૧૫૮ ૨. અશ્વિન સોમાભાઇ પટેલ અને બીજાઓ વિ બ્રુગેન્દ્રપ્રસાદજી અજેન્દ્રપ્રસાદજી અને બીજાઓ ૨૦૦૯.૩.જી.એલ,એચ.૧૩૮ અને ૩. બ્રિચ કેન્ડી સ્વિમિંગ બાથ ટ્રસ્ટ અને બીજા વિ. દિપેશ મહેતા અને બીજા એ.આઇ.આર. ૨૦૧૬. એન.ઓ.સી. ૧૬૭. બોમ્બે.** ઉપરોક્ત ત્રણે ચુકાદામાં ઠરાવામાં આવ્યુ છે કે વચગાળાનો મનાઇહુકમ આપતી વખતે પ્રથમદર્શનીય કેસ સ્થાપિત કરવો જોઇએ છે. કેસના બધા જ પરિબળોને ધ્યાન પર લેવા જરૂરી નથી. એટલે સદર ચુકાદા મુજબ વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવો જ પડે. **૧૯૮૬(૧) જી.એલ.આર.૨૯૭ છત્રસિંહ માનસિંહ મહીડા વિ. ઇન્દ્રવદન રતીલાલ પટેલ** ના કેસમાં ઠરાવેલ છે કે, પક્ષકારનો પ્રથમદર્શનીય કેસ હોવા છતાં જો તેનો દાવો ટકવાપાત્ર ન હોય તો વચગાળાનો મનાઇહુકમ આપી શકાય નહી. **એ.આઇ.આર.૧૯૭૧ હિમાચલ પ્રદેશ ૨૯** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, પક્ષકાર વચગાળાની મનાઇઅરજીમાં તેનુ ટાઇટલ દર્શાવવામાં નિષ્ફળ જતો હોય તો તેનો પ્રથમદર્શનીય કેસ નથી તથા તેને નાણામાં ન ભરપાઇ થાય તેવુ નુકસાન થવાની સંભાવના નથી. **એ.આઇ.આર. ૨૦૧૩ એસ.સી. ૧૦૯૯ મોહંમદ મહેતાબખાન અને બીજા વિ. ખુશનુમા ઇબ્રાહીમ અને બીજા** ના કેસમાં ઠરાવેલ છે કે, કોર્ટને ખુબ જ માત્રામાં સંતોષ થાય તો યોગ્ય કેસમાં વચગાળાનો મેન્ડેટરી હુકમ આપી શકે છે. હાલ ના કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાય આવતો ન હોય વાદીએ હાલના કામે માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણામાં આંકી ના શકાય તેવુ નુકસાન થાય તેમ હોવાનુ જણાય આવતુ નથી. જ્યારે સદર કામે વાદી એ માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નં.૨ સદર જમીન ખરીદનાર અને પ્રતિવાદી નં.૩ આઇ.સી.આઇ.સી. બેંકનાઓના હકને મુશ્કેલી ઉભી

થાય તેમ હોવાનુ જણાય આવે છે. તેથી વાદી કરતા પ્રતિવાદીને વધુ નુકસાન થતુ હોવાનુ જણાય આવે છે. જ્યારે સામાપક્ષે વાદીઓને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને કોઇ નુકસાન થતુ નહી હોવાનુ જણાય આવતુ નથી. એટલે કે બેલેન્સ ઓફ કન્વીન્યન્સ પણ વાદી કરતા પ્રતિવાદી નં.૨ અને ૩ નાઓની તરફેણમાં વધારે હોવાનુ જણાય આવે છે.

હાલની અરજીના તબક્કે માત્ર અને માત્ર પ્રથમદર્શનીય કેસ, સગવડ અગવડની સમતુલા તથા નાણામાં આંકી શકાય નહી તેવું નુકસાન એ ત્રણ મુદ્દા જ ધ્યાનમાં રાખવાના હોય છે. સદર કામે વાદીએ પોતાની હાલની કામચલાઉ મનાઇઅરજીમાં જણાવ્યા મુજબ સદર દાવાવાળી જમીનો પરત્વેનો હક આવેલ નહી હોવાનું સદર કામે રજુ થયેલ તમામ દસ્તાવેજો તથા પક્ષકારોના પ્લીડીંગ્સ ઉપરથી જણાય આવે છે.

હાલના કેસમાં વાદી પોતાની કામચલાઉ મનાઇઅરજીમાં પોતાનો કેસ પ્રથમદર્શનીય રીતે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તેમજ સદર કામે વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં ન આવે તો વાદીને નાણામાં આંકી ન શકાય તેવુ નુકસાન થતુ નહી હોવાનુ રેકર્ડ ઉપરની હકીકતો તેમજ દસ્તાવેજો ઉપરથી જણાય આવે છે. ઉપરાંત હાલના કામે સગવડ અગવડની સમતુલા પણ વાદી કરતા પ્રતિવાદીની તરફેણમાં હોવાનુ જણાય આવે છે. વધુમાં Kashi Math Samsthan Vs Shrimad Sudhindra Thirtha Swamy ના કેસમાં સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, It is well settled that in order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the court to grant injunction in his favour even if, he has made out a case of balance of convenience in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted.

નામદાર સુપ્રિમ કોર્ટે Kishore Samrite Vs State Of Uttar Pradesh And Others (2013) 2 SCC 398 ના કેસમાં ઠરાવેલ છે કે, The obligation to approach the court with clean hands is an absolute obligation and has repeatedly been reiterated by this court. નામદાર સુપ્રિમ કોર્ટે Tilokchand H.B. Motichand; A. Shanmugam Vs Ariya Kshatriya Rajakula Vamsathu Madalaya Nandhavana Paripalanai Sangam ના કેસમાં ઠરાવેલ છે કે, Person seeking equity must do equity. It is not just the clean hands, but also clean mind, clean Hear and clean objective that are the equi..fundamentals of judicious litigation

આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ હકીકતો તથા કામચલાઉ મનાઇઅરજી સંદર્ભેના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ સદર કામે વાદી તેમનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલા છે. સગવડતા અગવડતાનું પલ્લુ પણ પ્રતિવાદીની તરફેણમાં વધારે જાય છે.

વાદીની વચગાળાની મનાઇ અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણામાં ભરપાઇ ના થઇ શકે તેવુ નુકસાન થતુ હોવાનુ જણાય આવતુ નથી. વાદી પ્રથમદર્શનીય કેસ, બેલેન્સ ઓફ કન્વીન્યન્સ તથા નાણાંમાં આંકી ન શકાય તેવુ નુકસાન એમ ત્રણેય મુદ્દાઓ પોતાની તરફેણમાં પુરવાર કરી શકેલ નથી. આમ, ત્રણે મુદ્દાઓ વાદીએ પોતાના પક્ષમાં પુરવાર કરેલ ન હોય મુદ્દા નં : ૧ થી ૩ નકારમાં ઠરાવી વાદીની આંક–૦૫ ની કામચલાઉ મનાઇઅરજી હેઠળ ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

વાદીની આંક–૦૫ વાળી કામચલાઉ મનાઇ અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે. મનાઇ અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ તારીખ ૨૦ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૦/૦૨/૨૦૨૬ સ્થળ
: ભુજ–કચ્છ

(રાહુલ સતીશભાઇ સિંગલ)
ચોથા એડી.સીની.સિવિલજજ,ભુજ
કોડ નંબર : GJ01410

**કો.મુ.નં.૪૭/૨૦૨૫**

**મુદ્દા:–**

**૧.** શું વાદી પુરવાર કરે છે કે, તેઓ સ્વ. હુન્દલદાસ લીલારામ તોલાણીનાઓના કાયદેસરના સીધી લીટીના વારસદારો છે ?

**૨.** શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીનમાં વાદી નં. ૧ થી ૩ નાઓનો ૩/૩૨ અને વાદી નં.૪ નો ૧/૨૪ હક્ક હિસ્સો આવેલ છે ?

**૩.** શું વાદી પુરવાર કરે છે કે, સદર દાવાવાળી જમીનોનો પ્રતિવાદી નં.૧ નાઓએ પ્રતિવાદી નં.૨ નાઓની તરફેણમાં કરવામાં આવેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૯૭૨/૨૨, તા.૨૧–૦૧–૨૦૨૨ ગેરકાયદેસર હોઇ રદ થવાને પાત્ર છે ?

**૪.** શું પ્રતિવાદી નં.૨ પુરવાર કરે છે કે, તેઓ સદર દાવાવાળી જમીનોના શુધ્ધબુધ્ધીથી ખરીદનાર છે છે ?

**૫.** શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

**૬.** શું હુકમ અને હુકમનામુ ?

તારીખ : ૨૦/૦૨/૨૦૨૬
સ્થળ : ભુજ

(રાહુલ સતીશભાઇ સિંગલ)
ચોથા એડી.સીની.સિવિલ જજ,ભુજ
કોડ નં.GJ01410